# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

**Shri Govind Guru University**

**(Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૨૭૫૦૨

તા.૧૩/૦૨/૨૦૧૯

પરિપત્ર- ૭૫૪

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો, સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ, પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ અને વડાશ્રીઓને જણાવવાનું કે માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો અનેસંસ્થાઓમાં કાર્યરત આચાર્યશ્રીઓ, પ્રોફેસર ઇનચાર્જશ્રીઓ, વડાશ્રીઓ અને અધ્યાપકશ્રીઓનો ડેટાબેઝ તૈયાર કરવાનું નિયત કરેલ છે. આ સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા ટીચર પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે જેમાં આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો, સંસ્થાઓના આચાર્યશ્રી, પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, વડાશ્રીઓ તથા અધ્યાપકશ્રીઓએ આ સાથે સામેલ ફ્લોચાર્ટ મુજબ તા.૧૬/૦૩/૨૦૧૯ સુધીમાં ફરજિયાતપણે માહિતી ભરી અપલોડ કરવાની રહેશે. સંબંધિત કોલેજ, માન્ય અનુસ્નાતક કેન્દ્ર અને સંસ્થાના આચાર્યશ્રી, પ્રોફેસર ઇનચાર્જશ્રી અને વડાશ્રીએ તેમની અને કાર્યરત તમામ અધ્યાપકશ્રીઓની માહિતી ટીચર પોર્ટલ પર અપલોડ કરવામાં આવેલ છે તેવું પ્રમાણપત્ર આપવાનું રહેશે તેમજ ફરજિયાતપણે દરેક ફોર્મની પ્રિન્ટ કાઢી તેના પર પોતાના સહી સિક્કા કરી તેને પ્રમાણિત કરવાની રહેશે અને તા.૨૧/૦૩/૨૦૧૯ સુધીમાં પ્રમાણપત્ર, પ્રમાણિત કરેલ ફોર્મની હાર્ડકોપી અને યાદી કોલેજ/સંસ્થાના ફોરવર્ડીંગ લેટર સાથે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. જે ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

નોંધ :

- આ સંદર્ભમાં કોઇપણ મુશ્કેલી કે પ્રશ્ન હોય તો યુનિવર્સિટીના ઈ-મેઈલ આઈ.ડી. webmaster@sggu.ac.in પર ઈ-મેઈલ કરવાનો રહેશે.

કા. કુલસચિવ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

કુલ સચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : ફલોચાર્ટ

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો, સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ, પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, વડાશ્રીઓ તથા અધ્યાપકશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

**1) Entry in to Teacher detail record**

Home screen of Portal

↓

Pre-Examination

↓

Examiner Appointment

↓

Teacher → New Record

↓

Fill all the data

↓

Save

## 2) Entry for Teacher Panel Creation

Home screen of Portal

↓

Pre-Examination

↓

Examiner Appointment

↓

Teacher Panel Creation → New Record

↓

Faculty

↓

Programme

↓

Semester

↓

Specialization (Only in case of specialization like BA, MA etc.)

↓

Course Selection (Subject of Teaching)

↓

View → Teacher Selection

↓

Teak mark (√)

↓

Add